**Date :** January 6, 2011

**Publication :** Sandesh

**Edition :** Ahmedabad

**Page :** 8

# SMEને કરન્સી ફ્યુચરના જોખમની માહિતી અપાશે

અમદાવાદ, તા.૫

અલ્પારી ઈન્ડિયા રાજ્યના લઘુ અને મધ્યમ કદના એકમોને ફોરેક્સ માર્કેટમાં કરન્સી ફ્યુચર ટ્રેડિંગમાં રહેલાં જોખમોની માહિતી પૂરી પાડી તેને ટાળવા માટે મદદરૂપ થઈ ગુજરાતના એસએમઈ ઉદ્યોગ માટે એક વિશેષ મંચ સ્થાપવા પ્રયાસ કરશે. ગાંધીનગરમાં આગામી ૧૦-૧૩ જાન્યુઆરી ૨૦૧૧ના રોજ યોજાનારા ગુજરાત મેન્યુફેક્ચરિંગ એન્ડ ટેક્નોલોજી શો, વાઈબ્રન્ટ ગુજરાત-૧૧માં કંપની એક ખાસ ડેસ્કની વ્યવસ્થા દ્વારા નાના અને મધ્યમ કદના ઉત્પાદન એકમોને વિદેશી ચલણમાં થતી આવકને લગતા જોખમો કઈ રીતે ટાળી શકાય તેની માહિતી પૂરી પાડશે. દેશમાં એસએમઈ ક્ષેત્રનો કુલ નિકાસમાં ૪૦ ટકા અને ઔદ્યોગિક ઉત્પાદનમાં ૪૫ ટકા હિસ્સા સાથે આર્થિક વિકાસમાં ખૂબ જ મહત્ત્વનો ફાળો રહેલો છે. કરન્સી માર્કેટમાં ઉતાર ચઢાવ અનિશ્ચિત હોવાથી નિકાસલક્ષી એકમો માટે વ્યવસાયિક જોખમરૂપ છે. જેના માટે લઘુ અને મધ્યમ એકમોને કરન્સી ફ્યુચરના જોખમો અંગે યોગ્ય માર્ગદર્શનની જરૂરિયાત છે. કંપનીએ ગુજરાતમાં અમદાવાદ ખાતે કંપની ગુજરાતમાં વિવિધ ચેમ્બરના સહયોગથી કરન્સી ટ્રેડિંગના રિસ્ક અંગે માર્ગદર્શન માટે શૈક્ષણિક સેમિનારનું આયોજન પણ કરશે. અલ્પારી ઈન્ડિયાના મતે આગામી કેટલાક સમયમાં કરન્સી માર્કેટનું ટર્નઓવર ઈક્વિટી માર્કેટને પણ વટાવી જશે.